Seat No. ______________

# HF-1901010101062201

## B. A. (Sem. VI) (CBCS) Examination

**April - 2023**

**Gujarati : Paper-22**

*(અપઠિત : કાવ્યનો આસ્વાદ-ગદ્યખંડ/નિબંધ)*

*(New Course)*

Time : $2\frac{1}{2}$ Hours / Total Marks : **70**

**સૂચના :** (1) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ પ્રશ્નો છે.

(2) બધા જ પ્રશ્નો ફરજિયાત છે.

(3) દરેક પ્રશ્નનાં ગુણ સરખા છે જે પ્રશ્નની જમણી બાજુ દર્શાવ્યા છે.

**1** નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો : **14**

ક્યાંક ચોમાસુ ગાજે છે રાનમાં,
વાડ પરે સૂતેલી સઘળી લીલાશ હવે નોતરતી થાશે મેદાનમાં
ક્યાંક ચોમાસુ ગાજે છે રાનમાં,
ઊંચેથી આરપાર સરતું આકાશ હવે ઉતરશે ધોધમાર હેઠું
ભીંજાતા વાયરાઓ વહેશે સંદેશા કે ચોમાસુ ધોધમાર બેઠું
કાલ સુધી રહેતા'તા આપણે ને કાલથી તો વાછટો રહેશે મકાનમાં,
ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં
આપણને થાય એવું વાદળને થાય એવું ઘાસને
આવી ઘટનામાં જે ડુંગરને થાય, થાય નેવેથી દડદડતાં ગામને,
તમને યે થાય ચાલ ટહુકો થઈ જાઉં અને ઝાડ તળે ગહેકું રે પાનમાં
ક્યાંક ચોમાસુ ગાજે છે રાનમાં.

**- ધ્રુવ ભટ્ટ**

**અથવા**

1 નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો.

રમતા રમતા લડી પડે ભૈ માણસ છે.
હસતા હસતા રડી પડે ભૈ, માણસ છે.
પહાડથી એ કઠ્ઠણ મક્કમ માણસ છે.
દડ દડ દડ દડ દડી પડે ભૈ, માણસ છે.
ચદેર ઉપર ચાલે ચપ ચપ, માણસ છે.
ને બે ડગલે ખડી પડે ભૈ, માણસ છે.
સૂર્યવંશીનો પ્રતાપ એનો માણસ છે.
ભરબપ્યોરે ઢળી પડે ભૈ, માણસ છે.
પૂજાવા ઝટ થયા પાળિયા માણસ છે.
ટાણે ખટિયું પડી, પડી ભૈ, માણસ છે.

**- જયન્ત પાઠક**

2 નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો : 14

સમયની મૂડી તો દરેક પાસે સરખી જ હોય છે, પણ તેને ખર્ચવામાં તફાવત હોય છે. એક વ્યક્તિ તેને કરકસરથી, યોજનાપૂર્વક વ્યવસ્થિત રીતે ખર્ચે છે. જ્યારે બીજી વ્યક્તિ તેને આડેધડ અને અવિચારીપણે વેડફી નાખે છે. પરિણામે એકને સંતોષ અને સફળતા મળે છે. બીજાને થાક અને નિષ્ફળતા. જે વ્યક્તિને પોતાનો સમય વાપરતા આવડતું નથી. તેને કશું વાપરતા આવડતું નથી. જો તમારી પાસે મર્યાદિત પ્રમાણમાં મૂડી હોય, તો તેમાં થતી બચત એ જ કમાણી છે. નવો સમય કોઈને મળી શકતો નથી. એટલે જે માનવ પોતાના સમયની વધુમાં વધુ બચત કરી શકે. તેની પાસે વધુમાં વધુ સમય જમા થઈ શકે. અને જેની પાસે સમય જમા થાય તેની પાસે શક્તિ પણ જમા થાય. સમય અને શક્તિ ભેગા થાય એ પછી શું ન કરી શકે? એ ધારે તે કરી શકે.

**- મોહમ્મદ માંકડ**

**અથવા**

2 નીચેના ગદ્યખંડનું વિવરણ કરો :

આજનું શિક્ષણ માત્ર સ્મૃતિનો ઉછેર કરે છે. આપણે જીવતા માણસોને સ્મૃતિના યંત્રો બનાવીએ છીએ. હકીકતો અને અભિપ્રાયોને ધારણ કરનારા સામાન્ય પ્રાણીઓની આપણે નિપજ કરવી છે અને સમય આવ્યે તેનો આપણે ઉપયોગ કરવો છે. આપણે એવા માણસ પેદા કરવા માગીએ છીએ કે, જેમના મન માન્યતાઓ અને પરંપરાથી ગ્રહિત છે. મને એવું જણાય છે કે, સાચુ શિક્ષણ આ બધા સંસ્કાર-ગ્રહણોથી પેલેપારથી શરૂ થાય છે. જ્યાં વિચારની સાચી પ્રક્રિયા સમજી માણસ પરિશ્રમથી પરિણામ પ્રાપ્ત કરે. સમાજને પોતાની પરંપરાઓ નિભાવવા માટે સાધારણ જનોની પેદાશ કરવી છે. આવા સમાજ સામે તમારે બળવો પોકારવો પડશે. સત્ય અથવા તથ્ય વિશે જ્ઞાન મેળવી શકાતું નથી. સત્યનું સીધુ દર્શન. એનો સીધો અનુભવ તમને કેવળ આ ક્ષણે થઈ શકે. સંસ્કાર નિર્મિતિની પ્રક્રિયાનું શાંત થવું એ સાવધાનીની શરૂઆત છે.

**– શ્રી કૃષ્ણમૂર્તિ**

3 નીચે આપેલા ગદ્યખંડનો એક તૃતિયાંશ જેટલો સંક્ષેપ કરો : **14**

વિદ્યા મેળવવાનો આધાર કેવળ વિદ્યાલય પર જ નથી હોતો; મુખ્યત્વે વિદ્યાર્થી ઉપર જ હોય છે. ઘણા વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં જાય છે, એટલું જ નહીં ઉપાધિ પણ મેળવે છે, છતાં વિદ્યા પામતા નથી. તે જ પ્રમાણે તીર્થ કરવા તો ઘણા જાય છે, પણ તીર્થનું સાચુ ફળ બધા મેળવી શકતા નથી. જેઓ જોવાની વસ્તુ જુએ નહીં મેળવવાની વસ્તુ મેળવે નહીં, તેમની વિદ્યા આખર સુધી પોથીમાં જ રહે છે અને ધર્મ બાહ્ય આચરણમાં પુરાય રહે છે. તેઓ તીર્થમાં જાય છે ખરા. પણ જવાને તેઓ પુણ્ય માને છે. પામવાને નહીં તેઓ અમુક ફળ અમુક માટીમાં કોઈ વિશેષ ગુણ રહેલો છે તેમ માને છે. તેથી માણસનું લક્ષ્ય ભ્રષ્ટ થાય છે. જે ચિત્તની સામગ્રી છે તેને વસ્તુમાં હાંકી કાઢીયે તો તેનો નાશ કરે છે. આખા દેશમાં સાધના માર્જિત ચિત્તશક્તિ જેમ જેમ મલિન થતી ગઈ તેમ તેમ આ નિરર્થક બાહ્યતા વધતી ગઈ તે વાત કબૂલ કરવી જ પડે.

**- રવીન્દ્રનાથ ટાગોર**

**અથવા**

3 નીચે આપેલા ગદ્યખંડનું એક તૃતિયાંશ સંક્ષેપીકરણ કરો :

સર્વ ગૃહસંસ્કારનો આધાર માતા ઉપર છે ને સારી માતાથી સારા પરિણામ અને નઠારાથી નઠારાં પરિણામ અનુભવાય છે. ત્યારે સિદ્ધ થાય છે કે માતાની સુબુદ્ધિ અને સુશીલતા ઉપર મુખ્ય આધાર છે. પુરુષોને સુશિક્ષણની જેવી ને જેટલી અપેક્ષા છે, તેવી અને તેટલી જ અપેક્ષા સ્ત્રીઓને છે. જેથી એકની બુદ્ધિ સ્ફુરિત થઈને વ્યવહારમાં કામ આવે. તેવી જ બીજાની પણ થઈ તેટલી જ ઉપયોગી થાય છે. સ્ત્રીઓને પોતાના કામકાજમાં વ્યવસ્થા રાખવાની ટેવ તથા વ્યવહારમાં દૂરંદેશીપણું એ બે ગુણ ઘણા ઉપયોગી છે. તે ઉપરાંત કરકસરની ટેવ પણ અમૂલ્ય છે. જે સર્વ જેથી વધે તેવા શિક્ષણનો તેનો ઘણો ઉપયોગ હોવા છતા સ્ત્રી પુરુષ બન્નેના વ્યાપાર સાધારણ રીતે જ જુદા હોવાથી સ્ત્રીપુરુષના શિક્ષણ અમુક વય સુધી એક હોય શકે. પણ પછી તે જુદુ પડે છે. સુશિક્ષિત માતાઓ આ પ્રમાણે પેદા થાય છે. તેમ થવાથી દેશની ઉન્નતિના બીજ રોપાય છે. જે જે દેશ પાયમાલ થયા છે તે તે દેશમાં સ્ત્રી શિક્ષણ ઉપર લોકોએ ધ્યાન ન આપવાથી એમ થયું છે. માટે સ્ત્રીની ઉન્નતિમાં જ સર્વની ઉન્નતિ છે. એમ જાણી જેમ બને તેમ દેશમાં સ્ત્રી સન્માનની વૃદ્ધિ થાય એવો પ્રયત્ન સર્વેએ કરવો જોઈએ.

**- મણિલાલ નભુભાઈ દ્વિવેદી**

4 નીચેનો નિબંધ લખો. **14**

વિશ્વ વિકાસના માર્ગે પર્યાવરણ વિનાશ

**અથવા**

મા તે મા બીજા બધા વગડાંના વા.

5 નીચેના ચાર પૈકી કોઈ પણ **બે**ના ટૂંકમાં જવાબ આપો : **14**

(1) મારું પ્રિય પુસ્તક.
(2) વસુધૈવ કુટુંબકમ્
(3) આપણું ગુજરાત આગવું ગુજરાત
(4) આતંકવાદ-એક વૈશ્વિક સમસ્યા